આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની મેડીકલ કૉલેજો અને સંલગ્ન શૈક્ષણિક હોસ્પિટલો ખાતે તબીબી શિક્ષકોને ૧૧ માસના કરારીય ધોરણે નિમણૂક આપવા બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૯/૯૯૭/વ-૧(પાર્ટ-૧)
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧/3/૨૦૨૦.

વંચાણે લીધાઃ-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૪-૬-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃએમસીએ/૧૦૨003/૧૪૮૮૭/વ

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૫/૮/૨૦૧૦ના ઠરાવ ક્રમાંકઃ એમસીજી/૧૦૧૦/૨૯૯૯/વ.

(3) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૭/૦૬/૨૦૧૪ના ઠરાવ ક્રમાંકઃ એમસીજી/૧૦૨૦૧૪/એસએફએસ/૫૯/વ-૧.

આમુખઃ-

રાજયમાં સરકારી મેડીકલ કૉલેજો અને સંલગ્ન હોસ્પિટલો ખાતે તબીબી શિક્ષકોની અછત પ્રવર્તી રહેલ છે જેના કારણે દર્દીઓની સારવાર અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્ય પર વિપરીત અસર પડે છે. મેડીકલ કૉલેજો ખાતે યુજી/પીજીની બેઠક માટેની જરૂરી માન્યતાના પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આવી ખાલી જગ્યાઓ નિયમિત ધોરણે ન ભરાય ત્યાં સુધી એડહોક નિમણૂંક તેમજ કરારીય નિમણૂંક જેવી વિવિધ પદ્ધતિઓથી ભરવામાં આવે છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ (૧) તા.૧૪-૬-૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃએમસીએ/૧૦૨003/૧૪૮૮૭/વ થી વિભાગના તબીબી શિક્ષણ પ્રભાગ હસ્તકના તબીબી/દંત મહાવિદ્યાલયો અને સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓ ખાતે શૈક્ષણિક સ્ટાફની જગ્યાઓ પર તદ્દન એડહોક ધોરણે નિમણૂક આપવાની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

(પાછળ)

તબીબી શિક્ષણ અને સંશોધન કચેરીના તાબા હેઠળની મેડીકલ કોલેજો અને સંલગ્ન શૈક્ષણિક હોસ્પિટલો ખાતે તબીબી શિક્ષકોની ખાલી જગ્યાઓ પર એડહોક ધોરણે નિમણૂક આપવાના બદલે ૧૧ માસના કરારીય ધોરણે નિમણૂક આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

આથી પુખ્ત વિચારણાને અંતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની મેડીકલ કોલેજો અને સંલગ્ન શૈક્ષણિક હોસ્પિટલો ખાતે તબીબી શિક્ષકોને એડહોક ધોરણે નિમણૂકના બદલે ૧૧ માસના કરારીય ધોરણે નિમણૂક આપવાનું નીચેની શરતોને આધીન ઠરાવવામાં આવે છે.

શરતોઃ-

(૧) આ પ્રકારની કરારીય નિમણૂકથી જગ્યાઓ ભરતાં પહેલા સંવર્ગવાર ખાલી જગ્યાઓની વિગતો સહ સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અ.મુ.સ.શ્રી (આ.પ.ક.વિ.)ની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

(૨) આવી જગ્યાઓ મેડીકલ કોલેજો સંલગ્ન શૈક્ષણિક સંસ્થાઓ કક્ષાએ ન ભરતાં કમિશ્નરશ્રી (આરોગ્ય, તબીબી સેવા તથા તબીબી શિક્ષણ) ની કચેરી દ્વારા કેન્દ્રીયકૃત પદ્ધતિથી ભરવાની રહેશે.

(૩) કરારીય ભરતી માટે વિષયવાર ખાલી જગ્યાઓની માહિતી સાથે રાજયના અગ્ર ગણ્ય ગુજરાતી તથા અંગ્રેજી વર્તમાન પત્રોમાં જાહેરાત પ્રસિદ્ધ કરવાની રહેશે.

(૪) જાહેરાતના આધારે ઓનલાઇન અથવા તો અન્ય રીતે અરજીઓ મેળવવાની રહેશે તેમજ આ.પ.ક.વિ. ના વંચાણે લીધેલ સંદર્ભ (૨) તથા (૩) પરના તા.૫/૮/૨૦૧૦ તથા તા.૧૭/૬/૨૦૧૪ ના ઠરાવોથી નિયત થયેલ ગુણાંકન પદ્ધતિ અનુસરીને ઉમેદવારની રૂબરૂ મુલાકાત બાદ પસંદગી કરવાની રહેશે તેમજ નિમણૂંક આપવાની રહેશે.

(૫) કરારીય નિમણૂક મેળવતાં તબીબી શિક્ષકો સંબંધિત જગ્યાના ભરતી નિયમો મુજબ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને અનુભવ ધરાવતાં હોવા જોઇએ.

(૬) આ હેતુ માટે દર બુધવારે રૂબરૂ મુલાકાતનું આયોજન કરવાનું રહેશે.

(૭) આ જગ્યાઓ પર નિમણૂક માટે પસંદગી યાદી બનાવવા માટે નીચે મુજબ સમિતિની રચના કરવામાં આવે છે.

૧. કમિશ્નરશ્રી, (આરોગ્ય, તબીબી સેવા તથા તબીબી શિક્ષણ, ગાંધીનગર.)

૨. અધિક / સંયુક્ત/ નાયબ સચિવશ્રી, તબીબી શિક્ષણ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ.

૩ . અધિક નિયામકશ્રી(તબીબી શિક્ષણ), ગાંધીનગર.

૪ . ચીફ પર્સોનલ ઓફીસર, કમિશ્નરશ્રી આરોગ્ય સેવાઓની કચેરી, ગાંધીનગર.

(૮) આ ઠરાવથી નિયત થયેલ પદ્ધતિ મુજબ પસંદગી પામેલા કરારીય તબીબી શિક્ષકોને કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવા તથા તબીબી શિક્ષણ, ગાંધીનગરની અનુમતિથી તાત્કાલિક નિમણૂક આપવાની રહેશે.

(૯) નિમણૂક પામેલ કરારીય ઉમેદવારની ૧૧ માસની મુદત પૂર્ણ થયા બાદ પુનઃ તેમની સેવાની જરૂર જણાય તો તેઓને એક અઠવાડિયાનો બ્રેક આપીને ફરીથી ૧૧ માસ માટે કરારીય ધોરણે નિમણૂક આપી શકાશે.

(૧૦) તબીબી શિક્ષકને ૧૧ માસના ધોરણે કરારીય નિમણૂક આપ્યા બાદ નિયમિત નિમણૂકથી ઉમેદવાર ઉપલબ્ધ થાય ત્યારે જો કરારીય ઉમેદવાર અન્ય સ્થળે જવા સંમત થાય તો નિમણૂક ચાલુ રાખી શકાશે.

(૧૧) ૧૧ માસના અંતે કરારીય નિમણૂંક પામેલ તબીબી શિક્ષકના મૂલ્યાંકન અહેવાલ નિયત નમૂના મુજબ દિન-૭માં ભરવાના રહેશે અને તેમની કામગીરીની સમીક્ષા કરવાની રહેશે. નવી કરારીય નિમણૂંક સમયે આગળના વર્ષના મૂલ્યાંકન અહેવાલ ધ્યાને લેવાના રહેશે.

(૧૨) કરારીય નિમણૂક પામેલ તબીબી શિક્ષકની સેવાઓનો કોઇપણ સમયે કોઇપણ કારણો દર્શાવ્યા સિવાય અંત લાવી શકાશે. કરારીય નિમણૂક મેળવેલ તબીબી શિક્ષક એક માસની નોટીસ આપીને અથવા એક માસનો નોટિસ પે ભરીને છૂટા થઇ શકશે.

(૧૩) કરારીય નિમણૂક પામેલ તબીબી શિક્ષકને નિમણૂક બદલ નિયત વેતન પર કોઇપણ જાતનાં ભથ્થા મળવાપાત્ર થશે નહીં. નિયમિત નિમણૂક મેળવેલ સરકારી કર્મચારીને મળતાં નાણાકીય તેમજ સેવા વિષયક અન્ય કોઇ લાભો મળવાપાત્ર થશે નહીં.

(૧૪)કરારીય નિમણૂક પામેલ તબીબી શિક્ષકને સરકારી કામે પ્રવાસમાં જવાનું થાય તો સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું તેમના હોદ્દા અને ફરજના ધોરણોને અનુરૂપ મળવાપાત્ર થશે.

(૧૫)કરારીય નિમણૂક મેળવનાર તબીબી શિક્ષકને વર્ષ દરમિયાન હોસ્પિટલ જાહેર રજાઓ તથા ૧૧ પરચૂરણ રજાઓ મળવાપાત્ર થશે. તે સિવાય અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહીં.

(૧૬)કરારીય નિમણૂક મેળવતા ઉમેદવાર ભવિષ્યમાં ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આયોજિત સીધી ભરતીની પરીક્ષામાં ઉપસ્થિત થાય અને પસંદગી પામે તો કરારીય સેવાના સમયગાળાને તેઓની નિયમિત નિમણૂંક સાથે સળંગ કરી શકાશે નહિ. આ અંગેની બાહેંધરી સબંધિત ઉમેદવાર પાસેથી મેળવી લેવાની રહેશે.

(૧૭)કરારીય નિમણૂક મેળવતા તબીબી શિક્ષકોએ આ સાથેના પરિશિષ્ટથી નિયત થયેલ નમૂના મુજબનું સેવા / નિમણૂકનું કરારનામું સરકારશ્રી સાથે કરવાનું રહેશે.

(પાછળ)

(૧૮) કરારીય નિમણૂક મેળવનાર તબીબી શિક્ષકને ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ)ના નિયમ, ૧૯૭૧માં નિયત થયેલ જોગવાઇઓ બંધનકર્તા રહેશે.

(૧૯) આ નીતિ અમલમાં આવતાં હવે પછી એડહોક ધોરણે કોઇપણ નવી નિમણૂક આપવાની રહેશે નહિ.

(૨૦) કરારીય નિમણૂક આપ્યા બાદ આવી જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગને માગણી પત્રક રજૂ કરવાની તથા બઢતી માટે ઉમેદવાર ઉપલબ્ધ હોય તો તે અંગેની દરખાસ્ત બે માસમાં વિભાગને કમિશ્નરશ્રીની કચેરીએ રજૂ કરવાની રહેશે. વિભાગ કક્ષાએથી આ અંગની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરીને ગુજરાત જાહેર સેવા આયોગને માંગણાપત્રક કે બઢતીની દરખાસ્ત રજૂ કરવાની રહેશે.

(૨૧) આ ઠરાવના અર્થઘટન બાબતે સરકારશ્રીનો નિર્ણય આખરી રહેશે.

કરારીય નિમણૂક મેળવનાર તબીબી શિક્ષકોને પૂર્વોકત શરતોને અધીન નીચે મુજબનું નિયત એકત્રિત (Consolidated) માસિક વેતન મળવાપાત્ર થશે.

| ક્રમ | સંવર્ગનું નામ | માસિક ફીકસ વેતન (રૂા.) | |
|---|---|---|---|
| | | પ્રેકટીસ સિવાય | પ્રેકટીસ સાથે |
| ૧. | પ્રાધ્યાપક, વર્ગ-૧ | રૂા. ૧,૮૪,૦૦૦ | રૂા. ૧,૬૦,૦૦૦ |
| ૨. | સહપ્રાધ્યાપક, વર્ગ-૧ | રૂા. ૧,૬૭,૫૦૦ | રૂા. ૧,૫૦,૦૦૦ |
| ૩. | મદદનીશ પ્રાધ્યાપક, વર્ગ-૧ | રૂા. ૮૯,૪૦૦ | રૂા. ૭૫,૦૦૦ |
| ૪. | ટયુટર, વર્ગ-૨ | રૂા. ૬૯,૩૦૦ | રૂા. ૫૫,૦૦૦ |

આ હુકમો વિભાગની સમાનાંકી ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગની તેમજ નાણા વિભાગની તા.૩૧/૩/૨૦૨૦ની નોંધ પર મળેલ મજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.જી.વણઝારા)
અધિક સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

**પ્રતિ,**

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માન. નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આ.પ.ક.વિ.)ના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી-ઈડીપી સેલ, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી-પગાર ચકાસણી એકમ, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી સેવા / જાહેર આરોગ્ય / પરિવાર કલ્યાણ, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી (ડેન્ટલ), અમદાવાદ.
- તબીબી અધિક્ષકશ્રી, સરકારી મેડીકલ કૉલેજો સંલગ્ન હૉસ્પિટલ- અમદાવાદ, વડોદરા, જામનગર, રાજકોટ, સુરત, ભાવનગર.
- ડીનશ્રી, સરકારી મેડીકલ કૉલેજો, તમામ/ડેન્ટલ કૉલેજો , અમદાવાદ, જામનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પસંદગી ફાઈલ-૨૦૨૦.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૩૧/૩/૨૦૨૦ના ઠરાવ

ક્રમાંકઃપરચ/૧૦૨૦૧૯/૯૯૭/વ.૧(પાર્ટ.૧) સાથેનું પરિશિષ્ટ

---

- સેવા/નિમણૂકનુ કરારનામું -

આ કરાર (કોન્ટ્રેકટ) ------------------------------ મુકામે સને ૨૦------------ને તારીખે એકપક્ષ તરફવાળા ખાનગી કરારબધ્ધ તબીબી શિક્ષક ડૉ.----------------(આ ખતમાં હવે પછી જેનો ઉલ્લેખ કરારબધ્ધ તબીબી શિક્ષક તરીકે કર્યો છે. ) અને બીજા પક્ષે ગુજરાતના રાજયપાલ ( હવે પછી જેમનો ઉલ્લેખ " સરકાર" કર્યો છે. ) વચ્ચે કરવામાં આવે છે.

જેમાં સરકારશ્રીએ એકપક્ષવાળાને ખાનગી કરારબધ્ધ તબીબી શિક્ષક તરીકે કરારીય ધોરણે રાખેલ છે અને એકપક્ષવાળા કરારબધ્ધ તબીબી શિક્ષક નીચે દર્શાવેલ શરતો અને બોલીઓને અધીન રહીને સરકારમાં સેવા આપવા સંમત થયા છે.

ઉકત દર્શાવેલ બંને પક્ષ તરફવાળાએ સાક્ષીઓની હાજરીમાં નીચે મુજબની શરતો અને બોલીઓ કબૂલ મંજૂર થાય છે( સંમત થાય છે.)

૧. એક તરફવાળાઓ ખાનગી કરારબધ્ધ તબીબી શિક્ષક તરીકે ૧૧ (અગિયાર ) માસ માટે સરકારમાં તા.--------------થી નીચે દર્શાવેલ જોગવાઇઓને અધીન કરારીય સેવાઓ આપશે.

૨. આ કરારના સમગ્ર સમય દરમિયાન ખાનગી કરારબધ્ધ તબીબી શિક્ષક તરીકેની સેવાઓ આપવા માટે ડૉ. --------------------------------- ને રૂ.---------( અંકે રૂપિયા ----------- -------------) પ્રતિમાસનો એકત્રિત (કોન્સોલિડેટેડ)પગાર આપવામાં આવશે/મળવાપાત્ર રહેશે.

૩. ડૉ/શ્રી/શ્રીમતી-----------------------------------ખાનગી કરારબધ્ધ તબીબી શિક્ષક સેવાઓ નીચેની શરતોને અધીન રહીને છૂટા કરવાપાત્ર રહેશે.

૧. આ કોન્ટ્રેકટ ૧૧ (અગિયાર) માસની મુદત માટે જ અમલમાં રહેશે.

૨. બંને પક્ષ એક માસની નોટિસ આપીને કોન્ટ્રેકટનો અંત લાવી શકશે.

૪. કરારથી નિમણૂક પામેલા તબીબી શિક્ષકને વર્ષમાં માત્ર ૧૧ (અગિયાર) પરચૂરણ રજા જ મળવાપાત્ર થશે. અન્ય કોઇ પ્રકારની રજાઓ મળવાપાત્ર થશે નહીં.

૫. તેમને પોતાની નિમણૂકના સ્થળે હેડ કવાર્ટરમાં ફરજીયાત રહેવાનું રહેશે અને અધિકૃત ઉપલા અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

૬. તેમને પેન્શન, બોનસ, એલ.ટી.સી.એનકેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે બીજા એવા કોઇપણ નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

૭. સરકારી કામે પ્રવાસ કરવાનો થાય તો સરકારશ્રીના પ્રવર્તમાન ધોરણો મુજબ ટી.એ.ડી.એ. મળવાપાત્ર થશે.

૮. કરારના સમય દરમ્યાન કરારબધ્ધ તબીબી શિક્ષકનું અવસાન થાય તો તેમની બજાવેલી ફરજના સમયગાળાના એકત્રિત પગારની લેણી રકમ મળવાપાત્ર રહેશે. બીજો કોઇ નાણાકીય લાભ કે એક્ષગ્રેશીયા વગેરેના લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભો મળવાપાત્ર થતાં નથી.

૯.. તેમને મળવાપાત્ર એકત્રિત પગારમાંથી વખતોવખત ધોરણો મુજબ વ્યવસાય વેરો અને ઇન્કમટેક્ષ કપાતને પાત્ર રહેશે.

૧૦. ફરજ ઉપર હાજર થતાં પહેલાં નિમણૂક મેળવનાર સંબંધિત તબીબી શિક્ષકે કોઇપણ બે રાજયપત્રિત અધિકારીઓના સારી ચાલ-ચલગત અંગેના પ્રમાણપત્ર રજૂ કરવાના રહેશે.

૧૧. નિમણૂક પામનાર તબીબી શિક્ષક ફરજ ઉપર હાજર થતાં પહેલાં શારીરિક યોગ્યતાનું સંબંધિત અધિકારીશ્રી, મેડીકલ બોર્ડ પાસેથી પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

૧૨. કરારના સમય દરમ્યાન કોઇપણ પ્રકારની ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ સરકારશ્રીની જવાબદારી રહેશે નહીં. તે માટે સંબંધકર્તા કરારબધ્ધ તબીબી શિક્ષકની પોતાની અંગત જવાબદારી રહેશે.

૧૩. કરારથી નિમણૂક મેળવનાર ઉમેદવારોને વખતોવખત ગુજરાત સીવીલ સર્વિસીસ (કન્ડકટ) રૂલ્સ, ૧૯૭૧માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે.

૧૪. તબીબી શિક્ષકે ગુજરાત સામાન્ય રાજય સેવાની સામાન્ય ફરજો, આકસ્મિક ફરજો અને મેડીકોલીગલ કેસોની લગતી તમામ કામગીરી બજાવવાની રહેશે તથા સંબંધિત શૈક્ષણિક સંસ્થાના ડીન/તબીબી અધીક્ષક દ્વારા સોંપવામાં આવતી તમામ કામગીરી કરવાની રહેશે.

૧૫. નિમણૂક પામનાર દરેક કરારબધ્ધ ઉમેદવારે ૧૦ હજાર રૂપિયાનું જામીનખત હાજર થતાં પહેલાં આપવાનું રહેશે.

૧૬. આ કરારથી તેમને સરકારી મહેકમ પર સમાવવા માટે કોઇ હકક પ્રાપ્ત થશે નહીં.

ઉપર મુજબના કરારના સમય દરમ્યાન સરકારને એવું જણાય કે ખાનગી કરારબધ્ધ તબીબી શિક્ષક તેઓના કરારનામા પ્રમાણે સંતોષકારક સેવાઓ આપવામાં નિષ્ફળ ગયેલ છે અગર તો ખોટી માહિતીના આધારે કરારબધ્ધ તબીબી શિક્ષક તરીકે નિમણૂક મેળવેલ છે તેવું માલૂમ પડે તેવા સમયે વર્ષના કોઇપણ સમયે સરકાર એક માસની લેખિત નોટિસ આપી છુટા કરી શકશે.

પહેલાં પક્ષે ખાનગી કરારબધ્ધ તબીબી શિક્ષક અને સંબંધિત ડીન----------------------/-
તબીબી અધીક્ષક ------------------------- સાક્ષીઓની હાજરીમાં વર્ષના --------------------ના
તા.--------------- માસના દિવસે બંને પક્ષે ઉપર લખ્યા મુજબ સંમતિ દર્શાવેલ છે.

સહી/- ( ડૉ./શ્રી/શ્રીમતી)---------------------------

( એક પક્ષવાળા તરફથી સહી )

નીચે દર્શાવેલ સાક્ષીઓની હાજરીમાં

સાક્ષીઓઃ- ૧.---------------------------

૨.-------------------------

( બીજા પક્ષ તરફવાળાની સહી )

ડીન----------------------------

તબીબી અધીક્ષકશ્રી-----------------

ગુજરાતના રાજયપાલશ્રી વતી નીચે દર્શાવેલ સાક્ષીઓની હાજરીમાં.

સાક્ષીઓઃ-

૧.-----------------------------------

૨.-----------------------------------